॥ श्री ॥

॥ प्रश्नोत्तरी ॥

(गुजराति टीका साथे)

॥ रचनार ॥

मणिशंकर मगनलाल, अयाची.

पाटण.

॥ श्लोक ॥

उपशान्तजगज्जीव शिष्याचार्येश्वरभ्रमं ॥
स्वः शरिद्रुमनाद्यन्तं पूर्णं वन्दे स्वकं महः ॥ १ ॥

अमदावाद मध्ये

अ० गु० कं० लिमीटेडना प्रेसमां.

रणछोडलाल गंगारामे छापी

संवत १९४५ शाके १८१० सने १८८८

कींमत रू. ०-२-६

॥ श्री ॥

॥ प्रश्नोत्तरी ॥

(गुजराति टीका साथे)

॥ रचनार ॥

मणिशंकर मगनलाल, अयाची.

पाटण.

॥ श्लोक ॥

उपशान्तजगज्जीव शिष्याचार्येश्वरभ्रमं ॥
स्वतःसिद्धमनाद्यन्तं पूर्णवन्देस्वकंमहः॥१॥

अमदावाद मध्ये

अ० यु० कं० लिमीटेडना प्रेसमां.

रणछोडलाल गंगारामे छापी

संवत १९४५ शाके १८१० सने १८८८

कींमत रू. ०-२-६

॥ श्री ॥

अर्पण पत्रिका.

भो! सकलैश्वर्यसंपन्न वेदशास्त्ररहस्यार्थवि
द्विद्वरिष्ठब्रह्मनिष्ठ दैशिकवर्यतातचरणाः
श्रीमन्मगनलालार्यशर्माणः

॥ श्लोक ॥

युष्मत्पदार्पिताह्येषा याग्रंथकुसुमांजलिः॥
दयामयाशयत्वेन तामङ्गीकर्तुमर्हथ ॥१॥

श्रीमद्युष्मच्चरणसरसिजभ्रंगायितः

ग्रंथकर्ता. अयाची. म.म.

पाटण.

ॐ

॥ अथश्री प्रश्नोत्तरीप्रारभ्यते ॥

॥ श्लोक ॥

॥ गीति ॥

॥प्रणिपत्य महादेवं वक्षेप्रश्नोत्तरीं शुभां सरलां ॥
॥कंठस्थितया ह्रियया [1]नालंक्रियतेविनाप्यलंकारैः॥१॥

અર્થ.

॥નમન કરી શંકરને કરૂં હું પ્રશ્નોતરી [2]વરી કથન ॥
॥વણ આભૂષણ ભૂષિત કરતાં કંઠસ્થ જે થશે [3]સુજન ॥૧॥

॥ श्लोक ॥

॥ संसारानलतप्तः शिष्यःशिष्टंगुरुं नमस्कृत्य ॥
॥प्रष्टुं प्रवर्तते वै हृद्यान्ततत्वबुभुत्सया प्रश्नान् ॥ २ ॥

અર્થ.

॥સંસાર દાવ [4]દહન [5]પ્રતપ્ત શિષ્ય [6]સ્વગુરૂ [7]પદ [8]વંદી ॥
॥પૂછે છે [9]તાત્પર્યે [10]મનગત [11]ગંભીર પ્રશ્ન [12]આનંદી ॥૨॥

---

૧ ना नरः मनुष्यः इतियावत्. ૨ શ્રેષ્ટ. ૩ બુદ્ધિવાન માણસ. ૪ દાવાગ્નિ. ૫ બળતો. ૬ પોતાના. ૭ ચર્ણકમળે. ૮ નમન કરી. ૯ જ્ઞાન મેળવવા. ૧૦ મનના. ૧૧ ગુહ્ય. ૧૨ પ્રસન્ન મના થઈને.

॥ श्लोक ॥

॥ [1]उपेन्द्रवज्राछंद ॥

स्वामिन्नमस्ते नतलोकबन्धो
कारुण्यसिन्धो पतितं भवाग्नौ ॥
मामुद्धरात्मीयकटाक्षदृष्ट्या
संसिञ्चतादमृतवाणिवृष्ट्या ॥ ३ ॥

હે શર્ણાગત સ્વભક્તના બંધુરૂપી સદ્‌ગુરૂ, હે દયાબ્ધે, આ સંસારરૂપી દાવાગ્નિમાં હું પડેલ છું તે અતિ વ્યથા પામુંછું માટે આપની કૃપા દ્રષ્ટીવડે મ્હારો ઉદ્ધાર કરી આપનાં વચનરૂપી અમૃતની વૃષ્ટિવડે દાઝ દૂર કરો, એ મ્હારી પ્રાર્થના છે. ॥૩॥

એ પ્રકારે પ્રાર્થના કરી પ્રશ્નો પૂછે છે. તે એવાં કે જેનો ઉત્તર સાંભળતાં અનેક પ્રકારનું જ્ઞાન થાયછે.'

किंसाधनंस्याद्भवभेदनस्य
तथाचकिंस्वात्मसुखानुभूतेः ॥
ज्ञानंहितत्साधनमीश्वरस्य
पदाम्बुजोपासनयासुलभ्यम् ॥ ४ ॥

પ્રશ્ન—આ સંસારરૂપી વિશ વૃક્ષને નિર્મૂળ કરવા અને આત્મ (નિજ) સુખનો અનુભવ મેળવવાનું મુખ્ય સાધન

---

૧ આ શ્લોકતો ઇંદ્રવજ્રાછંદમાંછે પણ બધા ઉપેન્દ્ર-વજ્રામાં છે.

શું છે. ? ઉત્તર—તેનું સાધન અદ્વૈત જ્ઞાન છે. જે ઈશ્વરની પરંભક્તિથી સુલભ્યછે તે. ॥ ૪ ॥

बद्धस्तु कोयोस्तिविवेकहीनो
मुक्तश्चकोयोनुपदंविवेकी ॥
मुक्तेस्तुकिंकारणमात्मनिष्ठा
बन्धस्यकिंमूलमनात्मभावः ॥ ५ ॥

પ્રશ્ન—બંધાએલો કેણ. ઉત્તર—જેને કંઈ પણ વિવેક નથી તે. પ્ર—મુક્ત કોણ. ઉ—દરેક પ્રસંગે પ્રત્યેક કામમાં પગલે પગલે વિચાર કરનાર અથવા ૫૬ પદાર્થનો બરોબર વિચાર કરનાર જે જ્ઞાનીછે તે. પ્ર—મોક્ષ શાથી થાય. ઉ—આત્મ નિષ્ટ મન કરવાથી. પ્ર—આ સંસારરૂપી બંધનું કારણ શું છે. ઉ—અનાત્મ જે દેહાદિક તેમાં આત્મતાની જે ભ્રાંતિ તે. અથવા અજ્ઞાત બ્રહ્મનું નામ અવિદ્યા માયા કહિએ છીએ તે માયા આ બંધનું કારણ છે. એટલે પોતાનું યથાર્થ જ્ઞાન ન થયું તેજ બંધનું મૂળછે. ॥૫॥

यत्नांविधेयःकिलकुत्रमोक्षे
अहोनिशंचिन्त्यतमंकिमस्ति ॥
मिथ्यात्वमेवात्मनिसंमृतेश्च
निजात्मतत्वंनतुवित्तकान्ते ॥ ६ ॥

પ્રશ્ન—કમરબંધી શેમાં કરવી. ઉત્તર—મોક્ષ પ્રાપ્તિમાં. પ્ર—રાત દીન વિચારણીય શું છે. ઉ—શુદ્ધ અદ્વૈત આત્મામાં આ સંસાર ત્રેણેકાળમાં નથી ને જે જણાયછે તે

भ्रांतिथी माटे मिथ्याछे. ए तथा जीवेशादिक भेदहीन प-रम शुद्ध स्वस्वरूप विचारवा लायक छे. पण पामरनी माफक द्रव्य अने स्त्री आदिकनो विचार ते विचार नहीं, उलटुं ते दुःखदाई चींता रूपछे. ॥ ६ ॥

गुह्यंनमर्णान्तमपिप्रकाश्यं
कस्मैकृतघ्नायचगार्वताय ॥
नास्थाविधेयाक्कभवाब्धितोये
तथाचस्त्रीदुर्जनयोश्चरित्रे ॥ ७ ॥

प्रश्न—मरतां सुधी पण श्रेष्ठ स्वरहस्य कोने नज कहेवुं. उत्तर—कृतघ्नने तथा गर्वितने कारण के तेवाने कहेवाथी बंनेनुं (श्रोता वक्तानुं) अहित थायछे. प्र—विश्वास शेनो न राखवो. उ—संसार समुद्रना जळनो, अने स्त्री तथा दुर्जनना चरित्रनो कदीपण विश्वास करवो नहि ॥७॥

श्लाघ्योस्तिकोयस्तुसदोर्ध्वरेताः
कृत्याहिकायास्त्वगुरारवज्ञा ॥
कःपूजनीयोनिजधर्मनिष्ठो ॥
निन्द्यस्तुकोयश्चलितःस्वधर्मात् ॥ ८ ॥

प्रश्न—वखाणवा लायक कोण. उत्तर—अखंड ब्रह्म-चर्यवान् एटले अष्टप्रकारना ब्रह्मचर्यथी जे खंडित नथी ते. प्र—निकंदन काडनारी कृत्या कई. उ—पोताथी श्रेष्ठ जे गुर्वादिक तेनुं अपमान करवुं ते. प्र—पूजा करवा लायक कोण. उ—जे पोताना वर्णाश्रमोक्त धर्ममां तत्पर

છે તે. પ્ર—લોકમાં નિંદનીય (નિંદવા લાયક) કોણ છે. ઉ—જે સ્વધર્મથી ચાલેલો છે તે. એટલે જેને વેદ, શાસ્ત્ર, ધર્મ, ઇશ્વર, અને લોક એ સર્વની મર્યાદ લોપી છે તે સ્વેચ્છા વર્તિજન લોકમાં નિંદાય છે. ॥૮॥

सत्यंचकिंभूतहितंदमःक
श्चित्ताग्रहःकिंहितपस्स्वधर्मः ॥
शौचंचकिंसंकरताविहीनं
काह्रीरकार्याद्विनिवर्तनंयत् ॥ ९ ॥

પ્રશ્ન—સત્ય કયું. ઉત્તર—પ્રાણી માત્રનું હિત કહેવું તે. જેથી અહિત થાય તેવું વાક્ય સત્ય હોય તોપણ બોલવું નહિ, એવે ઠેકાણે મૌન કરવું. પ્ર—દમ શેનું નામ. ઉ—મનોવૃત્તિ સ્વાધીન રાખવી તે. પ્ર—તપ તે શું. ઉ—સ્વધર્માચરણ. પ્ર—શૌચ શેને કહિએ. ઉ—વર્ણ, આશ્રમ, જાતિ, કુલ, વિગેરેના ધર્મનું જે સાંકર્ય (ભેળાવડા) પણું નહિ તે.—પ્ર—લજ્જા તે કઈ. ઉ—ન કરવાના કામથી પાછું ફરવું તે. પણ કાંઈ ઘુમટા તાણવા ને અંદર ચાટ ઘડવા તે લજ્જા કહેવાય નહિ. તેતો ધૂર્તપણું છે. ॥૯॥

क्षमाचकाद्वंद्वसहिष्णुताया
र्किमार्जवंयासमचित्तताकिं ॥
ध्यानंमनोनिर्विषयंतथाकिं
दानंह्यनाकांक्ष्यमुतात्मनःकः ॥
स्निग्धस्तुपापाद्विनिवर्तयेद्यः
किंनिष्फलंदानमपात्रदत्तम् ॥ १० ॥

પ્રશ્ન—ક્ષમા શેનું નામ. ઉત્તર—સુખ દુઃખ સહન કરવાં તે. એટલે સુખ વા દુઃખ સ્વકૃત કર્માનુંસાર ઇશ્વર દત્તછે એમ જાણી પોતાનો પ્રિયકારી વા અપ્રિયકારી જે હોય તેના ઉપર સમાન ભાવ રાખવો તે. પ્ર—આર્જવ શેનું નામ. ઉ—સર્વ ઉપર સમાન ચિત્ત રાખવું તે. પ્ર—ધ્યાન તે શું. ઉ—વિષયાકાર મન ન જોડતાં ઇશ્વરમાં અથવા આત્મસ્વરૂપમાં લગાવવું તે. પ્ર—ઉત્તમ દાન કયું. ઉ—નિષ્કામ (ફલાભિસંધિ, ઇચ્છા-વનાનું તે.) પ્ર—પોતાનો વહાલો બાંધવ કોણ. ઉ—જે પાપ કર્મથી છોડાવી સન્માર્ગે ચડાવે તે. પ્ર—નિષ્ફળ દાન કયું. ઉ—જે અપાત્ર (અયોગ્ય) ને આપવું તે. તેને આપ્યું ન આપ્યા સમાન છે. કહેવત છે કે "ગધાને ખાયા ખેત નહિં પુણ્ય નહિં પાપ" અપાત્રને આપવાથી આપેલું નિરર્થક જાય છેોને ઉલટું અનેક અનર્થ નિપજેછે. કહ્યું છે કે ॥ पयः पानं भुजंगानां केवलं विषवर्धनम्. અર્થ—નાગને દૂધ પાવું તે ઝેરને વધારનાર છે. માટે જે દાન કરવું તે શાસ્ત્રાનુંસાર બરોબર પાત્ર પરખીને કરવું. કે જેથી ઉગી નિકળે. ॥૧૦॥

शमश्चकश्चित्तप्रशान्तताया
दयाहिकाप्राणिसुखानुचिन्ता ॥११॥

પ્રશ્ન—શમ શેનું નામ. ઉત્તર—ચિત્તમાં શાન્તિ રાખવી તે. પ્ર—દયા કઇ. ઉ—સર્વનું સુખ ઇચ્છવું તે. કહ્યુંછે કે-

आत्मौपम्येन सर्वत्र समं पश्यति योऽर्जुन ॥

सुखं वा यदिवादुःखं सयोगी परमो मतः ॥११॥

અર્થ—શ્રીકૃષ્ણ કહેછે કે હે અર્જુન જે સર્વ પ્રાણીઓમાં પોતાના દૃષ્ટાન્તવડે સુખને અથવા દુઃખને તુલ્ય દેખે છે તે યોગી શ્રેષ્ટ માનેલો છે. ॥૧૧॥

ज्ञानंचकिंवस्तुगततत्त्वबोधो
विज्ञानमेतत्कथयन्तिकिंज्ञाः ॥
हित्वान्यथाभावमखण्डभावात्
स्थितिस्तुयास्वात्मनिनिर्विकल्पे ॥१२॥

પ્રશ્ન—જ્ઞાન તે શું. ઉત્તર—વસ્તુના સ્વરૂપને યથાર્થ જાણવું તે. પ્ર—વિવેકવંત વિજ્ઞાન શેને કહે છે. ઉ—અન્યથા ભ્રાન્તિ ત્યાગી આત્મસ્વરૂપમાં નિષ્ટા કરવી તે.॥૧૨॥

कोदुर्जयोरिःकथितस्तुकोपः
कोनंतकोव्याधिरिहास्तिलोभः ॥
साधुस्तुकःप्राणिहितानुरक्त
श्चन्द्रेवप्रेयान्किलकोविवेकी ॥ १३ ॥

પ્રશ્ન—અજેય શત્રુ કોણ. ઉત્તર—ક્રોધ. પ્ર—અહિં મોહોટો રોગ કયો. ઉ—લોભ. પ્ર—સાધુ કોણ. ઉ—સર્વ પ્રાણીઓનું સુખ ઇચ્છનાર. પ્ર—ચંદ્ર જેવો આહ્લાદ દાયક કોણ. ઉ—વિવેકિ. ॥૧૩॥

सक्तेनृलोकेकिममुत्रजीव
मन्वेतिकृत्यंहिशुभाशुभंवै ॥

किमुक्तमालस्यमनिश्चयःस्वे
धर्मेचकःसंसृतिदस्तुकामः ॥ १४ ॥

પ્રશ્ન—આ મનુષ્ય લોકને ત્યાગ કર્યે(મરણાનંતર) જીવની સાથે પરલોકમાં શું જાયછે. **ઉત્તર**—શુભ, વા અશુભ કર્મ (પાપ અથવા પુણ્ય) **પ્ર**—પ્રમાદ કયો. **ઉ**—પોતાના ધર્મમાં જે અનિશ્ચિતપણું તે. **પ્ર**—જન્મમરણાદિ પ્રવાહરૂપી સંસાર નદીમાં અહર્નિશ નાખનાર કોણ. **ઉ**—કામ. ॥૧૪॥

वृत्तंकुलंद्रव्यमितित्रयाणां
मध्येतिश्लाघ्यंकिमिहास्तिवृत्तम् ॥
नजातिद्रव्येकुलद्रव्ययोस्तु
प्रशस्ततापादकमेववृत्तम् ॥ १५ ॥

પ્રશ્ન—સદાચરણ, કુલ, પૈસો, એ ત્રણમાં અતિ વખાણવા લાયક શું છે. **ઉત્તર**—સદાચરણ, કુલદ્રવ્ય નહીં. કારણ કે કુલ દ્રવ્યાદિક સર્વે સદાચરણથીજ વખણાય છે, માટે વૃત્ત શ્રેષ્ટ છે, ને તેથીજ જન પૂજાય છે. ॥૧૫॥

किंस्थैर्यमुक्तंनिजधर्मनिष्ठा
किंधैर्यमत्रेन्द्रियनिग्रहोयः ॥
किंस्नानमन्तर्मलसंविनाशो
मलस्तुकोयोनिजदुष्टभावः ॥ १६ ॥

પ્રશ્ન—સ્થિરતા શેનું નામ. **ઉત્તર**—પોતાના ધર્માચર્ણમાં નિષ્ઠાથી વર્તવું તે. **પ્ર**—ધૈર્ય કયું. **ઉ**—ઇન્દ્રિયો સ્વાધીન કરવી તે. **પ્ર**—સ્નાન શેનું નામ. **ઉ**—માનસિક મેલ ક-

કાઢવો તે. (મનનો મળ ધોવો તે. પ્ર -મળ તે શું. ઉ—અંતઃકરણનો દુષ્ટ વિચાર. ॥૧૬॥

वैवस्वतःकोनृपतिस्तुकोपो
नदीचकावैतरणीतुतृष्णा ॥
काकामधेनुःकथितासुविद्या
किंनन्दनाख्यंवनमेवतोषः ॥ १७ ॥

પ્રશ્ન--યમરાજા તે કોણ. ઉત્તર—કોપ. પ્ર—યમલોકની વૈતરણી નદી સમાન અહીં વૈતરણી નદી કઈ. ઉ—તૃષ્ણા. (આશા) પ્ર—કામ દુઘાધેનું (ગાય) કઈ. ઉ—સદ્વિદ્યા. પ્ર—નંદન નામનું વન અહીં કયું છે. ઉ—સંતોષ. ॥૧૭॥

ज्ञानीहिकोयःसमदृग्प्रशान्तः
कःपंडितोधर्मरहस्यवेत्ता ॥
मूर्खस्तुकोयोस्तितृथाभिलाषी
मूढश्चकोयोविषयानुरागी ॥ १८ ॥

પ્રશ્ન—જ્ઞાની કોણ. ઉત્તર—જે શાંતને સમ દૃષ્ટિવાળો છે તે. પ્ર—પંડિત કોણ. ઉ—ધર્મના ગુહ્ય મર્મને જાણનાર અને તે પ્રમાણે વરતનાર. પ્ર—મૂરખ કોણ. ઉ—મિથ્યા મનોરથ કરનાર. વા પોતાની બડાઈ મારનાર. પ્ર—મૂઢ કોણ. ઉ—વિષય વાસનાથી જે લપટાએલછે તે. ॥૧૮॥

सभाहिकायत्रतुसन्तिवृद्धा
वृद्धाश्चकेयेप्रवदन्तिधर्मं ॥

धर्मस्तुकोयोहिभवेत्ससत्यः
सत्यंचकिंस्याच्छलवर्जितंयत् ॥ १९॥

પ્રશ્ન—સભા શેનું નામ. ઉત્તર—જ્યાં વૃદ્ધ મનુષ્યોનો સમાજ છે તે. પ્ર—વૃદ્ધ કોણ. ઉ—જે ધર્મોપદેશ કરેછે તે. પ્ર—ધર્મ શેનું નામ. ઉ—સત્યયુક્ત હોય તે. પ્ર—સત્ય શેનું નામ. ઉ—છળભેદ વિનાનું જે યથાર્થ ભાષણ તે. ।૧૯।

धर्मस्यकिंस्थानमिहास्तिदाक्ष्यं
यशस्यकिंस्थानमुशान्तिदानं ॥
किंस्वर्गदंवैकथितंहिसत्यं
सुखस्यकिंस्थानमुशान्तिशीलं ॥ २० ॥

પ્રશ્ન—ધર્મનું મુખ્ય સ્થાન કયું. ઉત્તર—ચતુરપણું. પ્ર—યશનું મુખ્ય સ્થાન વિવેકિયો શું માનેછે. ઉ—દાન. પ્ર—સ્વર્ગ આપનારે શું છે. ઉ—સત્ય. પ્ર—સુખનું મુખ્ય સ્થાન પ્રાપ્તજનોએ શું માનેલું છે. ઉ—સદાચરણ. ।।૨૦।।

किंमित्रमेकंगृहिणःकलत्रं
मर्त्यस्यकिंमित्रममुत्रदानं ॥
कुटुम्बिनःकिंपरमंहिमित्रं
द्रव्यंतथार्तस्यकिमस्तिमित्रम् ॥
सदौषधंकःकथितस्सुमार्गो
महाजनोयेनगतस्सपंथाः ॥ २१ ॥

પ્રશ્ન—ગૃહસ્થને એક મિત્ર કોણ. ઉ—ધર્મ સ્ત્રી.

પ્ર—મરણ ધર્મવાન અથવા મરવા પડેલ મનુષ્યને પરલોકમાં સહચર મિત્ર કોણ છે. ઉ—દાન. પ્ર—કુટુંબવત્સળને મિત્ર શું. ઉ—દ્રવ્ય. પ્ર— રોગીને મિત્ર શું. ઉ— ઓષધ. પ્ર—શ્રેયસ્કર માર્ગ કયો. ઉ—જે માર્ગે મહજ્જન ગયેલ (વર્તેલ) છે તે. ॥૨૧॥

किंचंचलंस्यादनिलात्स्वचित्तं
विशूचिकाकाकथितातुचिन्ता ॥
कःखान्महान्स्याज्जनकश्चभूमे
र्महत्तराकाकथितास्वमाता ॥ २२ ॥

પ્રશ્ન—વાયૂ કરતાં પણ ચપળ શું. ઉત્તર—ચિત (મન) પ્ર—વિશૂચિકા રોગ સમાન શું છે. (જેમ કોલેરા પ્રાણ હરેછે તેમ નાશ કર્તા શું છે.) ઉ—ચિન્તા. પ્ર—આકાશથકી પણ મોટું કોણ. ઉ—બાપ. પ્ર—પૃથ્વિ કરતાં મહોટું શું છે. ઉ—જનેતા (મા) ॥૨૨॥

शूरश्चकोयोललनाकटाक्षै
र्व्यथांनयातोगहनांकिमस्ति ॥
स्त्रीणांचरित्रंचतुरश्चकोयो
नखण्डितस्तेनमानकूस्वभावात् ॥२३॥

પ્ર—શૂરવીર કોણ.—ઉત્તર—જેનું મન સ્ત્રિના કટાક્ષથી લેશપણ ચલિત થયું નથી તે. પ્ર—અગમ્યને અજ્ઞેય શું છે. ઉ—સ્ત્રિ ચરિત્ર. પ્ર—ચતૂર કોણ. ઉ—જે અનેક પ્રકારે સ્ત્રી ચરિત્રથી લેશપણ પોતાની સ્વભાવ સ્થિતિથી ચળ્યો નથી તે. ॥૨૩॥

अंधस्तुकोयोमदनातुरश्च
कोदीर्घदर्शीस्वहितानुदृष्टा ॥
मूकस्तुकोयःप्रियवाग्विहीनो
वक्ताचकःप्राणिहितोपदेष्टा ॥२४॥

પ્રશ્ન—આંધળો કોણ. ઉત્તર—કામાતુર. પ્ર—લાંબી નજર પહોંચાડનાર કોણ. ઉ—પોતાનો કલ્યાણ માર્ગ જોનાર. પ્ર—બોબડો કોણ. ઉ—અન્યના મનને પ્રસન્નકારી વચન જેને બોલતે આવડતું નથી તે. પ્ર—વક્તા કોને કહેવો. ઉ—પ્રાણી માત્રને હિત માર્ગ કહેનાર. ॥૨૪॥

सदाचकोवैबधिरोनवाक्यं
श्रृणोतियःस्वात्महितोपदेष्टुः ॥२५॥

પ્રશ્ન—નિરંતર બહેરો કોણ. ઉત્તર—જે હિતેચ્છકનું હિત વચન સાંભળતો નથી તે બહેરા સમાનજ જાણવો. ॥૨૫॥

किंशोचनीयंसतिवैभवेयत्
कार्पण्यमेकंकिलकिंप्रशस्यं ॥
औदार्यमुक्तंपशुरस्तिकोवा
विद्याविहीनःकिमनर्थमूलम् ॥
असंयतंमानसमेवयद्वै
सुखावहाकाकिलभूतमैत्री ॥२६॥

પ્રશ્ન—શોકાસ્પદ શું છે. ઉત્તર—સમૃદ્ધિ છતાંપણ જે કૃપણતાઇ (કંજુસાઇ) તે. પ્ર—વખાણવા લાયક શું. ઉ—

ઉદારતા. પ્ર—પશુ કોણ. ઉ—જે વિદ્યા ભણ્યો નથી તે. પ્ર—સર્વ દુઃખનું મૂળ કારણ શું. ઉ—મન વશ નહિ તે. મનોવૃત્તિ સ્ફુરિત થતાં ધીરે ધીરે અનુક્રમથી સર્વ અનર્થ નિપજે છે. પ્ર—સુખ આપનાર શું. ઉ—સર્વ પ્રાણી માત્રની સાથ જે મિત્રભાવ તે અતુલ સુખ આપનારછે, ને તેથીજ સર્વ સ્વાધીન થાયછે. ॥૨૬॥

नीचस्तुकोर्थीचमहांस्तुकोयो
याञ्चाविहीनःपदयाचकोवा ॥
किंदुःखदंशल्यमिहास्तिमौर्ख्यं
नपूर्यतेकाविषयैर्हितृष्णा ॥२७॥

પ્રશ્ન—નીચ કોણ. ઉત્તર—યાચક. પ્ર—મહોટો કોણ. ઉ—જે કંઇપણ માગતો નથી તે. અથવા ઇશ્વર પદની યાચના કરનાર. પ્ર—દુઃખદાઈ મર્મ વેધક બાણ કયું. ઉ—મૂર્ખપણું. પ્ર—નિરંતર વિષયભોગ કરતાં પણ આહૂતિથી અગ્નીની માફક તૃપ્તિ ન થાય તે શું. ઉ—તૃષ્ણા. કહ્યું છે કે—

न जातु कामःकामाना मुपभोगे न शाम्यति ॥
हविषा·कृष्ण वर्त्मेव भूय एवाभि वर्धते ॥ १ ॥

અર્થ—કામ (તૃષ્ણા.) વિષયોને વારંવાર ભોગવવાથી કદીપણ શાંન્ત થતો નથી, ઉલટો, જેમ અગ્નિ હવિ નાખવાથી વિશેષ વધે છે તેમ તે કામ વિષયભોગથી વૃદ્ધિ પામે છે. માટે તેનો નાશ કરવાને વાસ્તે એક ઉપાય એ છે કે વિષયોનું વિસ્મરણ કરવું તેજ કહ્યું છે કે—

काम जानामि ते मूलं संकल्पात्किल जायसे ॥
संकल्पे तु मया त्यक्ते न पुनःसं भविष्यसि ॥ २ ॥

અર્થ—હે કામ હું તારા મૂલને જાણુંછું કે, તું સંકલ્પથી ઊપજેલો છે, પણ તે તારૂં મૂળ જે સંકલ્પ તેને હું ત્યાગ કરીશ કે તેથી તું ફેર નિપજી શકીશ નહિ. માટે કામને નાશ કરવાનો ઉપાય એ છે કે. સંકલ્પનો ત્યાગ કરવો. તેથી અતુલ શાંતિ થાયછે. ॥૨૭॥

जातस्तुकोयोनपुनर्जनन्या
गर्भप्रवेशंलभतेमृतःकः ॥
पुनर्नमृत्युर्भविताहियस्य
जातोवृथाकोविगतात्मतत्वः ॥२८॥

પ્રશ્ન—જન્મ્યો તે કોણ. (સફળ જીવી કોણ.) ઉત્તર—જે બીજીવાર માતાના ઉદરમાં પડતો નથી તે, અર્થાત્, મુક્ત. પ્ર—મુવો કોણ. ઉ—જેને ફરી મરણ નથી તે. પ્ર—વૃથા જન્મ કોનો. ઉ—જેણે આત્મ તત્વ જાણ્યું નથી તેનો. ॥૨૮॥

किंदुःखदंयन्ममताभिमान
स्त्यागेसुखंकस्यकुसंगतेःकिं ॥
वाग्भूषणंसाक्षरताविवेकिनः
किंदुर्लभंनैवतुदुर्लभाकिं ॥२९॥

પ્રશ્ન—દુઃખદાઈ શું છે. ઉત્તર—મમતા અભિમાન. પ્ર—શેનો ત્યાગ કર્યે સુખ મળે. ઉ—કુસંગનો. પ્ર—વા-

ણીનો શણગાર શો. ઉ—કંઠાગ્ર વિદ્યા કરવી તે. અથવા સત્ય ભાષણ તે. મૌન રાખવું સારૂં પણ જુઠું બોલવું તે સારૂં નથી. કહ્યું છેકે—**वरंमौनंकार्यंनचवचनमुक्तंयदनृतम्** ॥અર્થ—સ્પષ્ટ છે. પ્ર—વિવેકીને દુર્લભ શું છે. ઉ—કાંઈ પણ દુર્લભ(અલભ્ય)નથી. વિવેકથી સર્વ મળેછે.२९

कोपासनीयश्शशिशेखरोवा
श्रीवत्सवक्षाचसमानभावात् ॥
किंतत्वमेकंशिवमाद्वितीयं
कःपूजनीयःकिलतत्वदर्शी ॥३०॥

પ્રશ્ન—ઉપાસના કોની કરવી. ઉત્તર—શંકરની અથવા વિષ્ણુની એમાંથી જેના ઉપર પ્રીતિ હોય તેની નિર્વિવાદ સમાન ભાવે ભક્તિ કરવી. પ્ર—એક પરમતત્વ શું. ઉ—શિવ, અદ્વૈત, બ્રહ્મ, નિર્વિકાર. પ્ર—પૂજ્ય કોણ. ઉ—તત્વ વેત્તા (તત્વજ્ઞાની) ॥३०॥

कोदुःखदुःख्यत्रनयोनयस्य
जगद्वशेकस्यमनोहियस्य ॥
कःशोभतेसत्सुकिलात्मवेत्ता
काशान्तिदायामनसःप्रशान्तिः ॥३१॥

પ્રશ્ન—અહિં મહાન્ દુઃખી કોણ. ઉત્તર—અવિવેકી. પ્ર—આ જગત કોને વશ થાય છે. ઉ—જેનું મન વશછે તેને. પ્ર—શ્રેષ્ટ પુરૂષના સમાજમાં કોણ શોભે છે. ઉ—આત્મજ્ઞ. પ્ર—સુખ આપનાર શુંછે. ઉ—મનની શાન્તતા.३१

सुधासमंकिंविषयमन्यदारा
हालाहलंकिंपरवित्तलौल्यं ॥
केदस्यवोमित्रवदात्मजाद्याः
किंमित्रमुक्तंजनिमृत्युनाशकं ॥३२॥

પ્રશ્ન—પ્રથમ અમૃત તુલ્ય પણ પરિણામે ઝેર સમાન શું છે. ઉત્તર—અન્ય સ્ત્રી. એટલે પરસ્ત્રી સંગ ઝેર તુલ્યછે. તેથી મરણ થાયછે ને મર્યાદાબાદ અનેક નાર્કીયયાતનાઓ ભોગવવી પડેછે, માટે તે દૂર તજવું. કહ્યું છે કે—**वरंमृत्युःपुंसांनचपरकलत्राभिगमनं** ॥ અર્થ—મરવું સારૂં પણ પરસ્ત્રીનો સંગ કરવો તે સારૂં નહીં. પ્ર—હાલાહલ (ઝેર) શું. ઉ—પરદ્રવ્ય લાલસા. તે પણ દુઃખદાયીછે માટે તેની ઇચ્છા રાખવી નહીં. ખરા હકનો પૈસો કમાઈ તેવડે સત્કર્મ કરવું. કહ્યું છે કે—**वरंभिक्षाशित्वंनचपरधनास्वादनसुखं** ॥ ભિક્ષા માગવી સારી પણ પરદ્રવ્યથી સુખની લાલસા કરવી તે સારૂં નથી. પ્ર—મિત્ર જેવા ચોર કોણ. ઉ—સ્ત્રી પુત્રાદીક. પ્ર—મિત્ર કોણ. ઉ—જે, જન્મમરણનો ભય મટાડે તે. અથવા લૌકિક રીતે—

पापान्निवारयति योजयतेहिताय
गुह्यानिगूहति गुणान्प्रकटीकरोति ॥
आपद्गतंचनजहाति ददातिकाले
सन्मित्रलक्षणमिदंप्रवदन्तिसन्तः ॥१॥

અર્થ—સ્પષ્ટ છે. ॥૩૨॥

विद्युत्समंकिंचलमामनन्ति
आयुर्धनंयौवनमेवकिंस्थिरं ॥
ज्ञानंसविज्ञानमुतेशभक्तिः
कोदुर्जयोरिःकथितोमनोजः ॥३३॥

પ્રશ્ન—વિજળીના જેવું ચંચળ શું છે. ઉત્તર—આયુષ, ધન, અને યુવાઅવસ્થા. પ્ર—સ્થિર શું છે. ઉ—વિજ્ઞાન સહિત જ્ઞાન, અને ઇશ્વર ભક્તિ એ બે. પ્ર—ન જીતાય એવો શત્રૂ કોણ છે. ઉ—કામ. ॥૩૩॥

कादुर्लभासज्जनसंगतिःकिं
सदैधतेदानवशात्सुविद्या ॥
कादुस्त्यजाशाविदुषापिकार्या
कुतोहिभीतिस्तुजनापवादात् ॥३४॥

પ્રશ્ન—દુર્લભ શું છે. ઉત્તર—સત્સમાગમ. પ્ર—નિરંતર આપ્યા કરે તોપણ ખુટે નહિ ને ઉલટું વધે તે શું. ઉ—સદ્વિદ્યા. કહ્યું છે કે—व्ययेकृतेवर्धतएवनित्यं ॥ અર્થ—વિદ્યારૂપી ધન જેમ જેમ વપરાયે જાય તેમ તેમ વૃદ્ધિ પામે છે. પ્ર—ન છુટે તેવું શું છે. ઉ—આશા. પ્ર—વિદ્વાને પણ શેનાથી બીવું. ઉ—લોકાપવાદથી. ॥૩૪॥

शस्त्रंविनाकोवधकृज्जनानां
योरूक्षवाक्याज्जनमर्मछेत्ता ॥
कुलंकथंयास्यकुलत्वमेव
गोविप्रदेवातिथिभर्त्सनाद्वै ॥३५॥

પ્રશ્ન—શસ્ત્રાદિનો ઘા કરતો નથી ને કોઇને મારતો પણ નથી તોપણ હત્યારો કોણ કહેવાય છે. ઉત્તર—જે કઠોર વાક્યવડે મનુષ્યના મર્મને વ્યથિત કરેછે તે. પ્રશ્ન—અતિ સમૃદ્ધ મહાન કુલનો એકદમ અકુલ (નિર્વંશ) શાથી થઇ જાયછે. ઉ—ગાય, બ્રાહ્મણ, દેવ, અને અતિથીનો તિરસ્કાર કરવાથી ॥ ૩૫ ॥

भवान्तिकेपातकिनोमहान्तः
स्तेनःसुरापोद्विजहागुरुस्त्री ॥
गामीचतेषांकिलसंगकृच्च
कःपातकीपातकिनःकृतघ्नः ॥३६॥

પ્રશ્ન—મહા પાતકી કયા કયા ઉત્તર—સુવર્ણાદિક ચોરનાર, મદ્યપાન કરનાર. બ્રહ્મહા, ગુર્વંગના ગામી, (ગુરુસ્ત્રીનો સંગ કરનાર.) એટલે ગુરુતલ્પગ, એ ચાર અને તે ચારનો સંગ કરનાર, એ પાંચ મહા પાતકીઓ છે. પ્ર—પાતકીથી પણ મોટો પાતકી કોણ. ઉ—કરેલ ઉપકારને ભુલી જનાર (કૃતઘ્ન) ॥૩૬॥

॥ इन्द्रवंशा छंद ॥

कःशासिताद्यात्मवतांगुरुस्तथा
दुरात्मनांकःकिलशासितानृपः ॥
प्रच्छन्नपापिष्ठजनानुशासिता
कःकथ्यतेदण्डधरोयमःसदा ॥३७॥

પ્રશ્ન—મર્યાદયુક્તને શિક્ષા કરનાર કોણ. ઉત્તર—ગુરુ,

પ્ર—મર્યાદહીન દુરાચરણીને શિક્ષા કરનાર કોણ. ઉ—રાજા. પ્ર—છાનાં પાપકર્મ કરનારને શિક્ષા કરનાર કોણ. ઉ—ઉગ્રદંડધર યમરાજા. ॥૩૭॥

प्रच्यावकंपूर्वपदात्किमुच्छ्रितात्
स्त्रीद्यूतमांसासवसेवनंतुयत् ॥३८॥

પ્રશ્ન—અત્યુચ્છ્રિત પૂર્વ પદવીથી પાછું પાડનાર શું છે. ઉત્તર—સ્ત્રીસંગ, દ્યૂત, (પાસા રમત), માંસભક્ષણ, અને મદ્યપાન એ સર્વને સર્વથા ને સર્વદા નિચીગતિ આપનાર છે, માટે કલ્યાણની ઇચ્છા રાખનારે તે દૂર તજવાં. ॥૩૮॥

॥ उपेन्द्रवज्राछंद ॥

हित्वाप्रियःस्यात्किमिहाभिमानं
सत्त्वाचकिंशोचातनैवकोपं ॥
हित्वार्थवान्किंभवतीहकामं
सुखीसजान्किंभवतीहलोभम् ॥३९॥

પ્રશ્ન—શું તજવાથી લોકમાં વ્હાલને પામે છે. ઉત્તર—અભિમાન. પ્ર—શેને ત્યાગ કરવાથી શોક નથી. ઉ—કોપને. પ્ર—શું તજવાથી મહાન્ સંતોષી (ધની કરતાં પણ સુખી) થાય. ઉ—કામ. (તૃષ્ણા) પ્ર—શું તજવાથી સુખી થાય. ઉ—લોભ. ॥૩૯॥

मृतोजनःकःकिललुब्धचित्तो,
राष्ट्रंमृतंकेनविनानृपेण ॥

मृतंकथंश्राद्धमश्रोत्रियंयत्
यज्ञोमृतःकःकथितस्त्वदक्षिणः ॥४०॥

પ્રશ્ન—જીવતાં મુવો કોણ. ઉત્તર—લોભી. પ્ર—રાજ્ય મરેલું શાથી માનવું. ઉ—પાલક રાજાના અભાવે. પ્ર—શ્રાદ્ધ મૃત કયું. ઉ—જે શ્રાદ્ધમાં શ્રોત્રિય (વેદવેત્તા) બ્રાહ્મણ નથી તે. પ્ર—યજ્ઞ કર્યો પણ નિષ્ફળ શાથી. ઉ—દક્ષિણા ન આપવાથી. ॥૪૦॥

ज्येष्ठोद्विजःकेनभवेत्प्रबोधात्
स्यात्क्षत्रियःकेनतथैववीर्यात् ॥
वैश्यस्तथाकेनधनाच्चधान्यात्
शूद्रस्तथाकेनतुजन्मतःस्यात् ॥४१॥

પ્રશ્ન—બ્રાહ્મણ મહોટો શાથી. ઉત્તર—જ્ઞાનથી. પ્ર—ક્ષત્રિય મહોટો શાથી. ઉ—પરાક્રમથી. પ્ર—વૈશ્ય મહોટો શાથી. ઉ—ધન તથા ધાન્યથી. પ્ર—શૂદ્ર મહોટો શાથી. ઉ—જન્મથી. (ઉમ્મરથી.) ॥૪૧॥

स्त्रीणांचकिंदैवतमेवभर्ता
धर्मश्चकोचैनिजभर्तृसेवा ॥
किंदाक्ष्यमुक्तंतदनुवृत्तत्वं
चिन्त्यंचकिंभर्तृपदाब्जमेव ॥४२॥

પ્રશ્ન—સ્ત્રીઓને પરમ દૈવત શું. ઉત્તર—પોતાનો સ્વામી. પ્ર—તેણીનો ધર્મ કયો. ઉ—સ્વામિ સેવા. પ્ર—તેની ચતુરાઈ શી. ઉ—પતિને અનુસરી ચાલવું તે. પ્ર—સ્ત્રી-

આને ચિન્તવન શેનું કરવું. ઉ—પોતાના પતિના ચરણકમળનું કહ્યુંછે કે,—

विरूपोवाकुरूपोवा दरिद्रोवागुणान्वितः ॥
स्त्रीणामेकोगतिर्भर्ता नान्यत्किंचिद्विशीष्यते ॥१॥

અર્થ—રૂપ રહીત હોય વા રૂપવાન્ હોય, દરિદ્ર હો વા ગુણી હો, ગમે તેવો હોય તોપણ સ્ત્રીને જે પોતાનો પતિ તેજ પરમ ગતિ છે. સ્ત્રીને પતિ શિવાય અન્ય કંઈ બીજુ દૈવત નથી. ॥૪૨॥

यातीहकोवैनरकंचिराय
आहूयविप्रंकिलयाचमानं ॥
नास्तीतिपश्चाद्वदतिप्रमत्तो
योवैसगच्छेन्नरकंचिराय ॥४३॥

· પ્રશ્ન—ઘણા કાળ નરકમાં કોણ પડેછે. ઉત્તર—માગવા આવેલ બ્રાહ્મણને બોલાવી પછી જે ઉન્મત્ત (વા આળસુ માણસ) નહીં આપુ એમ કહેછે તે ઘણા વખત માટે નરકમાં વસેછે. ॥૪૩॥

प्राणान्तकालेसमुपस्थितेकिं
कर्तव्यमारादृिदुषाप्रयत्नात् ॥
चिन्त्यंसदावैमनसायमघ्नं ॥
शशांकमौलेश्चरणाम्बुजंवै ॥४४॥

પ્રશ્ન—મરવા વખતે, વિવેકીએ, ઝટપટ પ્રયત્ન પૂર્વક શું કરવું. ઉત્તર—હમેશાં ઉત્સાહ પૂર્વક પોતાની મનોવૃત્તિ.

વડે, યમના ભયને મટાડનાર, શશાંકમૌલી જે શીવ તેમના ચરણકમળનું એક નિષ્ઠાથી ચિન્તવન કરવું. ॥૪૪॥

शेतेसुखंकःकिलयस्त्वपापी
कोजागरूकस्सदसद्विवेकी ॥
श्वसन्मृतश्चैवहिकोस्वतन्त्रो
हृदीप्सितंकोलभतेऽप्रमादी ॥४५॥

પ્રશ્ન—કોણ સુખે સુવેછે. ઉત્તર—જેણે પાપાચરણ કર્યું નથી તે. પ્ર—જાગતો કોણ કહેવાય. ઉ—સત, તથા, અસતનો વિવેકનાર. પ્ર—શ્વાનની માફક જીવતો મુવો તે કોણ. ઉ—પરાધિન. પ્ર—મનવાંચ્છિત કોણ મેળવેછે. ઉ—આલસ વનાનો, જે ઉદ્યમી છે તે. ॥૪૫॥

केदस्यवोवैविषयाःसुखीक
एनःकृतंयेननकःपरोवै ॥
लाभोनिजात्मावगमश्चहानिः
काकालवेगोवितथोगतोयः ॥४६॥

પ્રશ્ન—ચોર કયા. ઉત્તર—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ, એ પાંચ વિષયો. પ્ર—સુખી કોણ. ઉ—જેણે પાપકર્મ કર્યું નથી તે પ્ર—પરમ લાભ તે કયો. ઉ—સ્વસ્વરૂપ જાણવું તે. પ્ર—મહોટી હાની કઈ. ઉ—જે આ, અમુલ્ય કાળનો વેગ ફોગટ ગયો તે. ॥૪૬॥

शतायुरुक्तःपुरुषस्तथापि
नाप्नोतिकेनेहससर्वमायुः ॥

क्रोधोतिमानोतिविवादएवा
त्यागोविधित्सात्मनआप्तवर्गैः ॥
द्रोहःसदैताअसयस्सुतीक्ष्णा ॥
आयुंषिकृन्तन्तिहिदेहभाजाम् ॥४७॥

પ્રશ્ન—જોકે સર્વ શાસ્ત્રમાં પુરૂષનું આયુષ્ય સો વર્ષનું કહેલું છે, તોપણ અહિં તે પ્રકારે સો વર્ષ જનનું જીવીત કેમ બનતુ નથી? ઉત્તર—દરેક મનુષ્યની અંદર ક્રોધ.૧ અતિમાન.૨ (અત્યંત ઉન્મત્તપણું) અતિવાદ.૩ (અન્યથા ભાષણ, અયોગ્ય ભાષણ, અસભ્યોક્તી, મહજ્જન વિવાદ, વિગેરે.) અત્યાગ.૪ (અદાન વિગેરે. અત્યાગ એ મહોટો દોષ છે, કારણ કે તેની અંદર, ચૌર્ય, ગરદાન વિગેરેનો પણ સંભવ રહેછે. એટલે એકંદર અત્યાગ એટલે અતિ લુબ્ધતા, કૃપણુતા, વિગેરે.) આત્મવિધિત્સા.૫ (કેવળ પોતાનાજ પોષણની ઇચ્છા એટલે શિશ્નોદર પરાયણપણું. જેને ઉદરંભરિતા કહેછે તે.) મિત્રદ્રોહ.૬ (પોતાનો હિતકારી જે હોય તેના ઉપર અહિતકારિપણાની દૃષ્ટી.) એ છ તીવ્ર ધારવાળી તરવારો રહેલી છે. તે માણસોના આયુષ્યને છેદ્યા કરેછે. એટલે ઉપર કહેલ છ દોષથી મનુષ્ય સો વર્ષ જીવતો નથી. માટે પુરણ આયુષની કામનાવાળાએ એ છ દોષ તજવા. ॥૪૭॥

सकामकर्मास्तिकमुत्रस्वर्गः
किंस्यात्ततोभोगक्षयेक्षयःस्यात् ॥

केनात्रलभ्यंपदमक्षयंवै
ज्ञानेननान्येनकदापिलभ्यं ॥४८॥

પ્રશ્ન—અહિં સકામ કર્મ કરવાથી પર લોકમાં શું મળેછે. ઉત્તર—સ્વર્ગ. પ્ર—તેથી પછે શું થાયછે. (પુછવાનો મર્મ એછે કે એ સ્વર્ગ સુખ નિત્ય છે વા અનિત્ય છે.) ઉ—જ્યારે પુણ્ય કર્મના ભોગનો અવસાન આવે ત્યારે કેટલાક કાળે અધો પતન થાયછે. ને પછી વારંવાર જન્મ મરણ થયા કરેછે. પ્ર—ત્યારે અક્ષય પદ શાથી મળે, કે જેથી ફ્રીથી જન્મમરણ ન થાય. ઉ—જ્યારે જ્ઞાન પ્રાપ્ત થાય ત્યારે જન્મ મરણ મટેછે, ને તેથીજ અક્ષય મોક્ષપદ મળે છે. જ્ઞાન વગર કરોડ કર્મ કર્યાથી અક્ષય પદ જે મોક્ષ તે કદી પણ મળે તેમ નથી. મોક્ષ તો કેવળ જ્ઞાનથીજ મળે છે. કરેલ સત્કર્મ જો નિષ્કામ છે તો તેથી ચિત્તની શુદ્ધિ થાયછે ને પછી જ્ઞાન પ્રાપ્તીદ્વારા મોક્ષ થાયછે. ॥૪૮॥

केहेतवस्सन्त्युदिताविमुक्ते
र्विवेकवैराग्यशमादयोष्ट ॥४९॥

પ્રશ્ન—મોક્ષનું સાધન જે જ્ઞાન તે જ્ઞાનસાધ્ય જે મુક્તી તેનાં સાધન શાં છે. (જ્ઞાન શાથી થાય). ઉત્તર—વિવેક. ૧ (આત્મા નિત્ય છે, અને તેથી ભિન્ન અનાત્મા-જડ-જગત રજ્જુમાં સર્પની માફક આત્મામાં કલ્પિતછે માટે મિથ્યા છે, એમ જાણવું તે નિત્યાનિત્ય વિવેક.) વૈરાગ્ય. ૨ (બ્રહ્મલોકથી આરંભી તૃણાદિક સર્વે વિષયોમાં જે કાગ વિષ્ટા સમ તુચ્છ ભાવ દોશદૃષ્ટિ-કરવો તે.) शमादि षट्संपति. ३

(શમ, દમ, ઉપરતિ. તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન, એ છ.) આદિ શબ્દવડે--મુમુક્ષુતા.[૪] (મોક્ષેચ્છા) એ ચાર. તથા શ્રવણ.[૫] (ઉપક્રમ, ઉપસંહાર, અભ્યાસ, ફલ, અપૂર્વતા, અર્થવાદ, અને ઉપપત્તિ. એ છ ચિન્હોથી સંપૂર્ણ વેદાન્ત વાક્યોનું અદ્વૈત આત્મામાં પર્યવસાન ચિન્તવવું તે. એટલે ગુરૂદ્વારા યથાર્થ અર્થ સમજવો તે.) મનન.[૬] (સાંભળેલ વાક્યોનો યુક્તિ પૂર્વક વિવિક્ત વિચાર કરવો તે.) નિદિધ્યાસન[૭] (વિજાતીય જે દેહાદિક તેની ભાવના રહીત સજાતીય જે અદ્વૈત સદ્વસ્તુની અવ્યવધિત ભાવના તે.) એ ત્રણ. એમ મળી સાત તથા પદશોધનં.[૮] (તત્પદના અર્થનું અને ત્વં પદના અર્થનું શોધન) એ આઠ સાધન જ્ઞાનનાં છે.

સમજણ—વિવેકાદી ચારનો શ્રવણાદિકમાં ઉપયોગ છે અને શ્રવણાદિક ચારનો જ્ઞાનમાં ઉપયોગ છે. એટલાજ સારૂ આ આઠ સાધન અંતરંગ કહેલાં છે. (જેમનું શ્રવણમાં અથવા જ્ઞાનમાં પ્રત્યક્ષ ફલ થાય તેને અંતરંગ સાધન કહિએ છીએ) અને બીજાં યજ્ઞાદિક છે તે બહિરંગ છે. (જેનું શ્રવણમાં કે જ્ઞાનમાં પ્રત્યક્ષ ફળ ન હોય પરંતુ અંતઃકરણની શુદ્ધિ જેનું ફળ હોય એવાં જે નિષ્કામ યજ્ઞાદિક તે જ્ઞાનમાં બહિરંગ સાધન છે.) મુમુક્ષુ અંતરંગને ધારણ કરે ને બહિરંગનો ત્યાગ કરે. ॥૪૯॥

मुमुक्षुणांकिंकरणीयमुक्तं
गुरोस्समीपेगमनंविधेयं ॥
कोवैगुरुर्योभवभीतिछेत्ता
शिष्यस्तुकोयोगुरुभक्तिनिष्ठः ॥५०॥

પ્રશ્ન—એ રીતે સાધન સંપન્ન મુમુક્ષુએ શું કરવું. ઉત્તર—શ્રોત્રીય, બ્રહ્મનિષ્ટ, સદ્ગુરૂ સમીપ જવું. પ્ર—ગુરૂ કોણ. ઉ—જે સંસાર ભયને મટાડે તે. પ્ર—શિષ્ય કોણ.(શિષ્ય કેવો હોય) ઉ—ગુરૂની સેવામાં તત્પર. ॥૫૦॥

गत्वाचकिंवाच्यमहोगुरोर्मे
मुक्तिःकथंस्यादितिवाच्यमेव ॥५१॥

પ્રશ્ન—એવા સદ્ગુરૂ પાસે જઈને શું પૂછવું. ઉત્તર—હે સદ્ગુરૂ! મહારો મોક્ષ શી રીતે થશે. એમ કહેવું. (આ સંસાર સમુદ્રથી તરવાનો ઉપાય પૂછવો. ॥૫૧॥

ग्राह्यंच किंश्रीगुरुवाक्यमेकं
सक्त्वातुतस्मिन्स्वकुतर्कजालं ॥
संसारभीतिस्तुकुतोहिजाता
स्त्राऽज्ञानतःकुत्रनिजात्मसंस्था ॥५२॥

પ્રશ્ન—ગ્રહણ શું કરવું. ઉત્તર—શ્રી સદ્ગુરૂનાં વિમળ વચન પોતાનો સર્વ કુતર્ક (અતિશંકા) તજીને અંગીકાર કરવાં. પ્ર—(શિષ્ય ગુરૂને પુછેછે કે) આ સંસારભય શાથી નિપજ્યો. (શુદ્ધ અદ્વૈત આત્મામાં પ્રપંચનો ત્રેણે કાળમાં અભાવ છે તોપણ શાથી જણાય છે.) ઉ—અજ્ઞાનથી એટલે શુદ્ધ સ્વરૂપને ન જાણવાથી. પ્ર—તે ક્યાં રેહે છે. ઉ—આત્માનેજ આશ્રે રહે છે. એટલે અધિષ્ટાન જે બ્રહ્મ તેની સત્તાથીજ સત્તાવંત જણાય છે. બરોબર જોતાં તેનો કંઈ પત્તો જણાતો નથી. કેવળ અજાત જગત જણાય છે. તેનું નામજ માયા. ॥૫૨॥

कथंविनाश्यानिजबोधतस्तु
किंज्ञानमैक्यंपरजीवयोर्यत् ॥
कथंतयेरैक्यमुशन्तितज्ज्ञा
उपाधिबाधात्परमात्मनःक्वाः ॥
उपाधयोव्यष्टिसमष्टिरूपा ॥
बाधःकथंकल्पिततावलोकात् ॥ ९३ ॥

પ્રશ્ન—એ સંસાર ભીતિ (સંસાર ભય) અથવા માયા, શી રીતે મટે (તેનો નાશ શી રીતે થાય.) ઉત્તર—આત્મ જ્ઞાનથી. જેમ અંધારે પડેલા દોરીના યથાર્થ સ્વરૂપને ન જાણવાથી તેમાં સર્પ ભ્રાંતિ થાય છે ને તેથી ભયપણ થાય છે, તે કોઈપણ ઉપાયથી મટતો નથી પણ તે દોરીના સ્વરૂપને દિવો લઈને બરોબર જ્યારે જાણે ત્યારે તે સર્પ તથા સર્પ ભ્રાન્તિ અને તેથી થતો ભય સર્વ મટે છે. તેમ આ સંસાર આત્માના અજ્ઞાનથી થયેલ છે માટે આત્મસ્વરૂપને યથાર્થ જાણવાથી, સંસાર તથા સંસારનું કારણ આત્માનું અજ્ઞાન ને સંસારમાં જન્મમરણનો ભય એ સર્વ નિવૃત્ત થઈ જાય છે. પ્ર—જ્ઞાન શેનું નામ. ઉ—જીવ તથા ઇશ્વરનું એકત્વપણું જાણવું તે. એટલે મહાવાક્યગત તત્ અને त्वं એ બે પદનો વિવેક કરી તે બે પદ પ્રતિવાદ્ય શુદ્ધ વસ્તુનું એકત્વપણું જાણવું તે. તે એવી રીતે કે પ્રથમ—त्वं પદનો વિચાર—દરેક પદમાં વાચ્ય, અને લક્ષ, બે રહેલાં છે. તેમાં પ્રથમ त्वं પદ વાચ્યાર્થ બતાવાય છે કે—

આ સ્થૂલ દેહ, તથા કરણ ભૂત ઈંદ્રિઓ, અને પ્રાણ, મન વિગેરેના જે ધર્મ (દેહધર્મ જાડા પાતળાપણું, ઈંદ્રીય ધર્મકાણાપણું બહેરાપણું, પ્રાણધર્મ, ક્ષુધા તૃષા વિગેરે, મન ધર્મ સંકલ્પનાદિક) તે નિર્વિશેષ સાક્ષી આત્મામાં આરોપણ કરીને (દેહ ધર્મારોપ—હું જાડો હું પાતળો વિગેરે, ઈંદ્રિય ધર્મારોપ—હું કાણો હું બહેરો વિગેરે, પ્રાણધર્મ—હું ભૂખ્યો છું હું તરશો છું વિગેરે, મન ધર્મારોપ—પોતામાં જે શોક હર્ષ માનવા તે) જે કર્તૃત્વાદિક અભીમાનને કરે છે, તે સર્વનો એકત્વ જે વ્યવહાર તે त्वं પદ વાચ્યાર્થ. त्वं પદ લક્ષાર્થ—દેહ, ઈંદ્રિય, પ્રાણ, મન વિગેરે સર્વ જડછે ને તેનો દ્રષ્ટા સાક્ષી કૂટસ્થ તેથી જુદો હું છું. એમ જે જણાય તે त्वं પદ લક્ષાર્થ. હવે તત્ પદનો વિચાર—તેમાં પ્રથમ તત્ પદનો વાચ્યાર્થ બતાવાય છે—જે સર્વ સમષ્ટિનો અભિમાની સર્વ જગતનો ઉત્પન્ન કરનાર સર્વજ્ઞત્વાદિક ધર્મવાન ઇશ્વર તે તત્પદ વાચ્યાર્થ. હવે તત્ પદ લક્ષાર્થ—વિવિધ પ્રકારની ઉપાધિથી રહીત, જગતથી જૂદો, શુદ્ધ, અદ્વૈત, અક્ષર, માયાવિરહીત, અનુભવગમ્ય, જે વ્યાપક સ્વપ્રકાશ શુદ્ધ બ્રહ્મ તે તત્પદ લક્ષાર્થ.

એટલે એકંદર એવી રીતે સમજુત છે કે—શુદ્ધ બ્રહ્મને વિષે અધ્યારોપ વખત રહેલી માયા તે માયા શબળીત બ્રહ્મથી આ સર્વ ઉત્પન્ન થયું. તેમાં એવી રીત છે કે—અજ્ઞાત બ્રહ્મનું નામ માયા, તે માયા, માયા અને અવિદ્યા ભેદથી બે પ્રકારે કહેવાય છે. જે શુદ્ધ સત્વ તે માયા, ને મલીન સત્વ તે અવિદ્યા. તેમાં માયામાં જળમાં સૂર્યની

માફક પ્રતિબીંબીત થયું જે શુદ્ધચૈતન્ય તે શુદ્ધચૈતન્ય, માયા, ને તેમાં પડેલું પ્રતિબીંબ એ ત્રેણેનું નામ ઇશ્વર, तत् પદ. અને અવિદ્યામાં પડેલું પ્રતિબીંબ તે અવિદ્યા, શુદ્ધચતન્ય કૂટસ્થ, ને પ્રતિબીંબ એટલે ચિદાભાસ એ ત્રેણનું નામ त्वं પદ.

तत् પદની ઉપાધિ માયા તેનો ત્યાગ કરવો તે त्वं પદની ઉપાધિ અવિદ્યા તેનો પણ ત્યાગ કરવો. તેમાં પ્રતિબીંબ ભાગનો પણ મુખ્ય ચૈતન્યની સાથે બાધ સામાનાધિકરણપણે બાધ થવાનો એટલે પછી બે પદ પ્રતિપાદ્ય શુદ્ધ લક્ષ જે વસ્તૂ રહી તે આપે એક રૂપજ છે. એમ જાણવું એનું નામ तत्वंपदाविवेक.

પ્રશ્ન—તે જીવ ઇશ્વરનું વિવેકી લોક એકત્વપણું શી રીતે કહેછે. ઉત્તર—ઉપાધી ભાગને તજવાથી એટલે બન્નેના વાચ્ય ભાગમાં તો એકપણું ન ઘટે (કારણ કે જીવ અલ્પ ત્તત્વાદી ધર્મવાન છે. અને ઇશ્વર સર્વત્તત્વાદી ધર્મવાનછે.) પણ લક્ષ ભાગમાં એકતા ઘટેછે. પ્ર—શુદ્ધ પરમાત્મ વસ્તૂમાં વળી ઉપાધિઓ શી. ઉ—અધ્યારોપદશાએ—રજ્જુમાં સર્પની માફક માયા કલ્પિત વ્યષ્ટિ (જુદાં જુદાં સ્થૂલ તા. લીંગ શરીરો) અને સમષ્ટિ (એવાં અનેકનો જે સમુદાય તે) એ બે બન્નેની ઉપાધી કહેવાય છે. પ્ર—તેનો બાધ શી રીતે. ઉ—તેનો બાધ કંઈ બાધ બાધ કહેવાથી થતો નથી, તેમ હાથ ઉપાડી બીજે નાખી દેવાથી પણ નથી, તેમ તેના સામુંજ ન જોવુંછો એક કોરાણે પડી રહે એમ પણ નહિ. પરંતુ જેમ રજ્જુમાં દેખાએલ સાપનો

બાધ એટલે રજ્જુના સ્વરૂપને યથાર્થ જાણ્યું એટલે સાપ ત્રેણકાળમાં છેજ નહીં, તેમ જાણવું તે. તેમ આત્મ યાથાત્મ્ય જ્ઞાન થયે, આત્મસ્વરૂપમાં એ સર્વ ઉપાધીઓ કેવલ સ્વસ્વરૂપના અજ્ઞાનથીજ પ્રતિભાસ થતી હતી, તે આત્મસ્વરૂપમાં ત્રેણકાળમાં નથી એમ જાણવું તેનું નામ બાધ કહેવાય છે. એ રીતે અદ્વૈત સિદ્ધાન્ત છે. ॥૫૩॥

बाधेचकिंस्यादवशिष्टमत्र
बाधावधीब्रह्मनिजस्वरूपम् ॥५४॥

પ્રશ્ન—એ રીતે સર્વનો બાધ કરતાં પછી શું બાકી રહે. પૂછવાનો મર્મ એવો છે કે—એ પ્રકારે જ્યારે સર્વનો બાધ થયો ત્યારે પછીતો કાંઈ રહેતું નથી, જો રહેછે કહેશો તો તે કોને જાણ્યું, જો કોઈ જાણનાર કહેશો તો તેનો અન્ય તેનો અન્ય એમ અનવસ્થા દોષ આવશે. ઇત્યાદી અનેક મર્મથી આ પ્રશ્ન પૂછ્યું છે. ઉત્તર—સર્વત્ર એવી રીત છે કે—જે બાધ કરવો તેનું પર્યવસાન અવશેષ અવધીએ હોવું જોઇએ. ને એમ ન હોયતો બાધ ઘટેજ નહીં. જેમ ચોરનો બાધ શાહુકારને જણાવવા વાસ્તે. એ રીતે આ સર્વનો બાધ કર્યે બાધાવધી નિર્વિશેષ અવાચ્ય અલક્ષ્ય સ્વયંપ્રકાશ આત્મસ્વરૂપ બ્રહ્મ બાકી રહેછે. ॥૫૪॥

जनःकृतार्थस्तुकदायदात्म
ज्ञानंलभेताचलमद्वितीयम् ॥
ततश्चकिंसंसृतिजालदाह
स्ततश्चकिंब्रह्मणिसंस्थितिःस्यात् ॥५५॥

પ્રશ્ન—મનુષ્ય કૃત કૃત્ય ક્યારે કહેવાય. **ઉત્તર**—જ્યારે અચળ અદ્વૈત બ્રહ્માત્મૈકત્વ જ્ઞાન મેળવે ત્યારે. **પ્ર**—એ બ્રહ્મ જ્ઞાનથી શું થાય. **ઉ**—સંસારરૂપી જાળનો ભડકો થઇ ભસ્મ થઈ જાય. (ભસ્મપણ રહેતી નથી.) **પ્ર**—તેથી શું થયું. **ઉ**—બ્રહ્મ સ્થિતિ થાયછે. એટલે અભેદ સ્થિતિ થાયછે. ॥૫૫॥

स्यात्सर्वमेतद्विदितंतुकस्मिन्
ज्ञातेपरेब्रह्मणिनिर्विकल्पे ॥
ज्ञातुंनशक्यंकिमिहात्मतत्वं
सुज्ञायतेतत्कथमात्वबोधात् ॥५६॥

પ્રશ્ન—શને જાણવાથી સર્વ જણાય. **ઉ**—સર્વ સ્વરૂપી બ્રહ્મચૈતન્યને જાણવાથી. જેમ એક મૃત્તિકાને જાણવાથી સર્વ તેનાં કાર્ય ઘટશરાવા દીક ન જાણ્યાં જણાઈ જાયછે. એટલે કારણના જ્ઞાનથી કાર્યનું જ્ઞાન થાયછે. તેમ કારણરૂપ બ્રહ્મસ્વરૂપને જાણવાથી સર્વ વિશ્વગત પદાર્થ ન જાણ્યા જણાઈ જાય છે. એટલે કાંઈ જાણવું બાકી રહેતું નથી. **પ્ર**—બુદ્ધિબળથીપણ ન જણાઈ શકાય એવું શું છે. **ઉ**—સ્વસ્વરૂપ. **પ્ર**—ત્યારે તે રીતે જણાય. **ઉ**—ગુરૂપસત્યાદિવડે સાધન સંપન્ન મતિમાન પુરૂશને સદ્ગુરૂદ્વારા આત્મબોધ થાયછે. તેથી સ્વસ્વરૂપ સરલ રીતે જણાય છે. અન્યથા કોઈ પ્રકારે જણાય તેમ નથી. ॥૫૬॥

गुर्वीश्वरानुग्रहलब्धबुध्या
प्रश्नोत्तरीयामणिशंकरेण ॥

कृतामयासाश्रवणंगताचा
कंठस्थताविज्ञात्रिमोददास्यात् ।।८७।।

આ ગ્રંથની ફળશ્રુતિ—ગુરૂ અને ઇશ્વરની દયાદત્ત બુદ્ધિબળથી આ પ્રશ્નોત્તરી મણીશંકર નામક મેં જે કરીછે. તે સાંભળવાથી અથવા કંઠાગ્ર કરવાથી સજ્જનને અતિ હર્ષ આપે એવી છે. માટે સર્વ જને આ સાંભળવી અને ભણવી જોઇએ. એવી અમારી પ્રાર્થના છે. ।।૫૭।।

ગીતિ.

ગુરૂ દેવાનુગ્રહથી, પામી પ્રજ્ઞા પ્રકાશ આરચિમેં ।।
પ્રશ્નોત્તરી જે,જન તે ભણિ સુણિ આનંદચિતમાંપામે. ।।

इति श्री ब्रह्म विद्वरिष्ठ श्री विश्वनाथ पूज्यपाद प्रशिष्य.च.श्री ब्रह्मविद्वर्य श्रीमन्मगनलालार्यशिष्य (पूत्र) मणिशंकर विरचिता श्रीप्रश्नोत्तरी समाप्ता.

।। समाप्ता. ।।

॥अथ श्रीशंकराष्टोत्तर शत नामावलिःप्रारभ्यते॥

॥ गीति छंद ॥

॥शितिकंठ श्रीकंठ, त्र्यंबक मृत्युंजयो ग्रहेरूद्र ॥
॥ नीलकंठनगवासिन्, काशीवासिन्नमोस्तुतेयोगिन्॥१॥
॥कामान्तकदैत्यान्तक,गिरिजाकान्तान्तकान्तकत्र्यक्ष॥
॥शान्तिदशशधरशेखर,शूलिन्शंकरनमोस्तुतेऽव्यक्त॥२॥
॥गंगाधरगिरिजाधर, हरसुखकरत्रिपूरहरेशान ॥
॥गरलपगजहन्गर्भःकृत्तिवसनेशनमोस्तुतेऽमोघ ॥३॥
॥साधकसामगसम्राट्, सिद्धिदसिद्धेशसिद्धसंसेव्य ॥
॥विध्वर्कानलनेत्र, त्रिदशेश्वरेशनमोस्तुतेभानो ॥४॥
॥मुक्तिदभुक्ति भगवन्,भवभवभयभंजकत्रिलोकेश ॥
॥क्रतुहन्क्रतुफलदायिन्, कर्पूरधवलनमोस्तुतेभर्ग ॥५॥
॥सर्वोजसर्वगशर्व, गरलग्रैवेयकस्मराराते ॥
॥मृडधूर्जटत्रिगुणेश, विदलासुरहन्नमोस्तुतेशंभो ॥६॥
॥विश्वेश्वरविश्वंभर, हेविश्वहरविश्वगर्भविश्वज्ञ ॥
॥नागघ्ननागभूषित, पिनाकपाणेनमोस्तुते ऽक्रूर ॥७॥
॥अखिलामेयाघोर, क्रूरानंदाच्युतप्रमथनाथ ॥

॥अघहन्मध्येज्याचल,कलिमलनाशकनमोस्तुतेस्थाणो॥८॥
॥हेभूतेशकपर्दिन्, जयजयदाजाजेयजगन्नाथ ॥
॥भस्माक्षोरगभूषित, सगुणागुणंतेनमोस्तुपरिपूर्ण ॥९॥
॥नरहरिदर्पविदलन, वृषभध्वजभालनेत्रगौरीश ॥
॥मायामृगीविनर्तक, विदलासुरहन्नमोस्तुतेसाक्षिन्॥१०॥
॥हरशिवशंकरशंभो, शशांकमौलेनमोस्तुतेभगवन्॥
॥इत्थयोद्धरमपन्नं, दुस्तरतरभवजलेनिमग्नंमां ॥११॥
॥यइदंशंभुस्तोत्रं, रचितंमणिशंकरेणभवभक्त्या ॥
॥नारामावापठति, प्रेम्णानिसंसयातिकैलाशम् ॥१२॥

॥इति श्री गूर्जर पट्टन पूरस्थ श्रीमालि ज्ञातीय अयाची श्रीमन्मगनलालार्य तनुजेन मणिशंकर शर्मणा विरचिता श्रीशंकराष्टोत्तर शतनामावलिःसमाप्ता॥

॥ॐतत्सत्॥

समाप्तं.

આગળથી આશ્રય આપનાર સજ્જનોનાં નામ.

મુ. પાટણ.

૧૦ મે. રા. બાળકૃષ્ણ પુરૂષોત્તમ દેશાઈ.
૧૦ ,, ,, આચાર્ય. ગણપતરામ ગંગારામ.
૧૦ ,, ,, અગ્નીહોત્રી. હરગોવન મુળજી.
૨૦ મે. રા. શા. અમથાલાલ નાનચંદ મારફતે.
૧ નથુશંકર હરીશંકર.
૧ પા. જેઠાલાલ પરશોતમ.
૧ ,, રામચંદ કુબેરદાસ.
૧ શા. સરૂપચંદ હરજીવન.
૧ ,, મોહનલાલ મુળચંદ.
૧ મા. ત્રા. ડુંગરજી જીતરામ
૧ વૈદ્યા. ચુનીલાલ મોતીરામ
૧ ઓ. ઉત્તમરામ નરશીરામ
૧ સોની. હરગોવન રણછોડ.
૧ રા. બા. જમનાલાલ નંદરામ
૧ ,, ,, હીરાલાલ મગનલાલ
૧ ભોજારા કેશવલાલ હુજમ
૧ વૈદ્ય. કાલુ રણછોડ.
૧ શા. માહાલચંદ હરજીવન.
૧ બારોટ. ડોસલ રણછોડ.
૧ સોની. વેલચંદ નારણદાસ
૧ શા. રતનચંદ લલુચંદ.
૩ શા. અમથાલાલ નાનચંદ.

૧૦ મે. રા. જડીઆ. ફકીરચંદ-લાલ છગનલાલ.
૭ ,, ,, ,, ભગવાનભાઈ છગનલાલ.
૩૦ મે. રા. ત્રા. બાપુલાલ ઉમીઆશંકર મારફતે.
૪ મે. માણકલાલ પુરૂશોતમ
૪ ,, મનસુખરામ પ્રભારામ.
૪ ,, સુ. મોહનલાલ તરભોવન
૨ જાદવલાલ સુખરામ.
૨ શા. છોટાલાલ હાઉજી.
૧ બા. નથુ રણછોડ.
૧ ,, મનસુખ ગોવીંદરામ.
૧ ,, મોહનલાલ પ્રાણશંકર.
૧ ઓઝા. દોલતરામ કુબેરરામ.
૧ ,, માધુ ગીરધર.
૧ પં. દુરગાશંકર ગીરજાશંકર
૧ ઓ. હરગોવન આત્મારામ
૧ ,, ચુનીલાલ રેવરામ.
૧ ચંપકરામ મોતીરામ. મજમુંદાર
૧ જટાશંકર ઇશ્વરચંદ્ર.
૧ ઠાકર. મથુરલાલ હરીચંદ્ર
૧ મી. મુળચંદ ગણપતરામ.
૧ ,, ગીરજાશંકર પ્રેમચંદ.

૧ શા. વાડીલાલ ઉત્તમચંદ.
૨૫ મે. રા. ગોરધન રૂઘનાથ
મારફતે.
૧૧ શુ. પુરૂશોત્તમ નાનાભાઈ
૫ જો. જીવાલાલ નાનાલાલ
૫ પંડ્યા. વલ્લભદાસ ખુશાલ
૫ ત્ર. ગોરધન રૂઘનાથ.
૭ મે. રા. જાની. બાળાશંકર
પ્રાણશંકર મારફતે.
૧ આ. ગુલાબશંકર જેશંકર.
૧ ,, ભવાશંકર ગીરજાશંકર.
૧ ,, મણીશંકર દુરગાશંકર.
૧ જો. નરોત્તમ સંપતરામ.
૧ અધ્યારૂ. ભોગીલાલ મન-
સુખરામ.
૧ જા. લીલાશંકર રામશંકર
૧ ,, બાળશંકર પ્રાણશંકર.
૫ મે. ડફ્રર. ઉત્તમલાલ હર-
ગોવનદાસ મારફતે.
૧ પંડ્યા. વિશ્વનાથ કુબેરજી.
૧ રાની મનસુખરામ દુલ-
ભરામ.
૧,, રણછોડદાસ નારણદાસ
૧ સો. અમૃતલાલ ભાઈચંદ.
૧ મણીઆર ડોસાજી સાંકળજી

૨ મે. રા. પુરાણી છોટાલાલ
દોલતરામ.
૨ ,, ,, ઓઝા રામશંકર રણછોડ
૫ ,, ,, ત્રા. વીઠલરામ ઉજમરામ
૨ મે. રા. ત્રા. જીવારામ
મયારામ.
૨ ,, ,, દ્વારકાંદાસ અનો-
પમદાસ.
૧ ,, મણીશંકર નથુશંકર.
૧ અધ્યારૂ. મથુરલાલ મા-
ણેકલાલ.
૧ મે. રા. પા. ભીખાચંદ
બાલચંદ.
૧ ,, ,, સો. નરોતમ ના-
રણદાસ.
૧ ,, ,, તપોધન ગોરધન
મોતીરામ.
૧ ,, ,, માધવજી બાલાજી
૫ મે. રા. મોતીલાલ મા-
ણેકલાલ.
૨ ,, ,, મહેતા. નટવરચંદ્ર
રામચંદ્ર.
૧ ,, ,, આ. નવનીધરામ
કીરપાશંકર.
૧ ,, ,, મણીચંદ્ર ગોપાળ-
ચંદ્ર.

સૂચના.

આ પ્રશ્નોત્તરી તથા જ્ઞાનમણિમાળા નિચે લખેલ ઠેકાણેથી રોકડી કીંમતથી મળશે.

પાટણ—કર્તા પાસેથી ઠે. નાગરવાડો.

જામનગર—શ્રીમાળી શુભેચ્છક સભાના મેનેજર.

પાટણ—હિંગળાચાચરમાં શા. અમથાલાલ નાનચંદ.

પાટણ—ત્રા. બાપુલાલ ઉમીઆશંકર ઠે. રોકડીઆ હરમાન પાસે.

પાટણ—ત્રા. ગોરધન રૂઘનાથ ઠે. રોકડીઆ હ[illegible] માન પાસે.

ઉંઝા—ભગત. કંદોઈ કાળુભાઈ ભગવાનદાસ. ઠે. ગામમાં બજારમાં.

કીંમત.

જ્ઞાનમણિમાળા—૱૦—૪—૦ (થોડીજ રહીછે.)

પ્રશ્નોત્તરી—૱૦—૨—૬